# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪ તા.૨૦-૪-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નોવેલ કોરોના વાયરસ સામે જનજાગૃતિ ફેલાવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,આ અગાઉ પરિપત્ર નં.૨/તા.૬-૪-૨૦૨૦ મુખ્ય શિક્ષકશ્રી દ્વારા જે-તે શિક્ષકોને આસપાસના વિસ્તારના ઘરોની મુલાકાત લઈ સર્વે અંગેની કામગીરી સોંપવામાં આવેલ હતી. આ કામગીરી ઘણી સારી ચાલી રહી છે અને આપણાં શહેરમાં આવી પડેલ કોરોના રોગની મહામારીનો સામનો કરવામાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મદદ કરી રહ્યા છીએ તે મુજબ આગામી સુચના ન મળે ત્યાં સુધી સર્વેની કામગીરી ચાલુ રાખવાની રહેશે. આ અંગેની અગાઉની સુચનાઓ યથાવત રહેશે. મુખ્ય શિક્ષક તથા શિક્ષક મિત્રોએ આઈ.કાર્ડ, માસ્ક તથા સેનેટાઈઝરનો ઉપયોગ કરીને જે-તે વિસ્તારમાં સર્વે કરવા જવું. બિમાર વ્યક્તિની ચોક્કસ ખરાઈ કરી વિગતો પૂર્ણ ભરવાની રહેશે. શાળાદીઠ એક ફોટો પ્રતિદિન તમારા સુપરવાઈઝરશ્રીને મોકલવાનો રહેશે.

તા.૨૦-૦૪-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી